# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૧૧/૦૧/૨૦૧૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની જાન્યુઆરી માસની સામાન્ય સભા તા.૧૧/૦૧/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નિલાંબરીબેન દવે -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | ગેરહાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | ગેરહાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૯. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી | હાજર |
| ૨૦. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

સભાની શરૂઆતમાં રાજકોટ ખાતે એઈમ્સની સ્થાપના માટેનો અતિ મહત્વનો નિર્ણય કરવા બદલ કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રીનો સર્વાનુમતે આભાર પ્રગટ કરવામાં આવેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સિન્ડિકેટ સભ્યશ્રી અને આંકડાશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષશ્રી પ્રો. ગીરીશભાઈ ભીમાણીને વિજ્ઞાન ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપવા બદલ તાજેતરમાં Distinguished Leader in Science નો એવોર્ડ વિનસ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા એનાયત કરવામાં આવેલ તે બદલ આજની સિન્ડિકેટની બેઠકમાં સિન્ડિકેટ દ્વારા પ્રો.ભીમાણીને અભિનંદન પાઠવવામાં આવેલ.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૭/૧૧/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૭/૧૧/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૭/૧૧/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૭/૧૧/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

3 પરીક્ષા-૧ — ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮માં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ દરમ્યાન કોલેજોમાં વિદ્યાર્થીઓ દ્વારા ગેરરીતી આચરવા અંગેની ફરિયાદો યુનિવર્સિટીને મળેલ છે. જેમાં (૧) શ્રી એમ.ડી.કહોર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ - જસદણ, (૨) શ્રી લાયન્સ ક્લબ સંચાલિત દોઢીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ - થાન, (૩) શ્રી ભુવા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ – રાજુલા અને (૪) શ્રી નગરપાલિકા સંચાલિત મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ – ગોંડલ કોલેજોનો સમાવેશ થાય છે.

આગામી યુનિવર્સિટી દ્વારા લેવાનાર પરીક્ષા ઉક્ત કોલેજ/કેન્દ્રને બદલે અન્ય કોલેજ/કેન્દ્રમાં ગોઠવવા ચર્ચા વિચારણા કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮ માં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પરીક્ષાઓ દરમ્યાન જે કોલેજો (જમ્બ્લીંગ સહિતની તમામ કોલેજો)માં વિદ્યાર્થીઓ દ્વારા ગેરરીતી આચરવા અંગેની લેખિત/ટેલીફોનીક ફરિયાદો યુનિવર્સિટીને મળેલ છે તેની વિગતો ધ્યાને લઈ નીચે મુજબની વિગતે કાર્યવાહી કરવી.**

**૧. પ્રથમ પરીક્ષામાં જે કોલેજ દ્વારા C.C.T.V. કેમેરાનું વિડિઓ રેકોર્ડીંગ યુનિવર્સિટીને આપવામાં ના આવે/વિસ્તૃત રૂપે ચોરી થાય તો પ્રથમ પરીક્ષા માટે રૂ.૦૧ લાખ દંડ કરવો.**

**૨. સતત બીજી પરીક્ષામાં જે કોલેજ દ્વારા C.C.T.V. કેમેરાનું વિડિઓ રેકોર્ડીંગ યુનિવર્સિટીને આપવામાં ના આવે/વિસ્તૃત રૂપે ચોરી થાય તો બીજી પરીક્ષા માટે રૂ.૦૨ લાખ દંડ અને પરીક્ષા કેન્દ્ર રદ્દ કરવું તથા પરીક્ષા કેન્દ્ર સિન્ડિકેટની મંજૂરી વગર આપવું નહિ.**

**૩. સતત ત્રીજી પરીક્ષામાં જે કોલેજ દ્વારા C.C.T.V. કેમેરાનું વિડિઓ રેકોર્ડીંગ યુનિવર્સિટીને આપવામાં ના આવે/વિસ્તૃત રૂપે ચોરી થાય તો ત્રીજી પરીક્ષા માટે રૂ.૦૩ લાખ દંડ અને જે પરીક્ષામાં ચોરી થયેલ છે તે પરીક્ષા સંબંધિત અભ્યાસક્રમનું જોડાણ રદ્દ કરવું તથા તે જોડાણ સિન્ડિકેટની મંજૂરી વગર આપવું નહિ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે દરેક કોલેજોએ ઈન્ટરનેટ તથા જનરેટર સુવિધા વિકસાવવી તથા તેનો જોડાણની શરતોમાં સમાવેશ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે સરકારી કોલેજોમાં C.C.T.V. કેમેરાની સુવિધા ન હોય તેવી સરકારી કોલેજોને પરીક્ષાના હેતુ સબબ C.C.T.V. કેમેરાની સુવિધા માટે યુનિવર્સિટી તરફથી આર્થિક સહાય પૂરી પાડવી.**

**(નોંધ : ઉપર્યુક્ત બાબતની મંજૂર થયેલ નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ પરીક્ષા-૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈ મુજબ આગામી માર્ચ-૨૦૧૯ની સેનેટ સભામાં જે તે વિદ્યાર્થીઓએ પદવી/ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભર્યા હોય અને જેઓ પદવી/ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ–૧૫૮માં દર્શાવેલ પદવી/ડિપ્લોમા હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ–૧૮ (૧) (VII) અન્વયે ભલામણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની થતી હોય જેથી ઉપર્યુક્ત કામકાજ ક્રમાંકમાંથી બાબત રદ્દ કરવી.**

૫ મહેકમ-અ યુનિવર્સિટીનાં ગણિતશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં વોક ઇન ઇન્ટરવ્યુ દ્વારા ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરને રૂ| ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી નિમણુંક આપવા માટે તા.૩૦/૦૮/૨૦૧૮ નાં રોજ મળેલ વરણી સમિતિએ પસંદ કરેલ ઉમેદવાર હાજર ન થતા વરણી સમિતિએ પ્રતીક્ષા યાદીમાં રાખેલ ઉમેદવારને નિમણુંક આદેશ આપ્યાના માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ: ગણિતશાસ્ત્ર અનુસ્નાતક ભવનમાં ખાલી રહેલ શૈક્ષણિક જગ્યાઓ સામે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની નિમણુંક કરવા માટે મળેલ વરણી સમિતિની તા.૩૦/૦૮/૨૦૧૮ ની બેઠકમાં પસંદ થયેલ ઉમેદવાર મહાદિત્યસિંહ એ.સરવૈયા

આ જગ્યા પર હાજર નહી થતા વરણી સમિતિએ પ્રતિક્ષા યાદીમાં રાખેલ કું.શાંતિ એસ.ખુંટીને ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે નિમણુંક આપ્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૬ મહેકમ-અ યુનિવર્સિટીનાં પત્રકારીત્વ અનુસ્નાતક ભવનમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **અનુસ્નાતક ભવનનું નામ** | **બજેટ હેડ** | **જગ્યા** | **વરણી સમિતિની તારીખ** | **રીમાર્કસ** |
|---|---|---|---|---|---|
| ૧ | પત્રકારિત્વ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઈન એઇડ | ૦૧ | તા.૦૧/૦૧/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પત્રકારીત્વ અનુસ્નાતક ભવનમાં ખાલી શૈક્ષણિક જગ્યા સામે ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલી વરણી સમિતિની ભલામણો મુજબ ડૉ. તૃપ્તિબેન બી. વ્યાસને નિમણુંક આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વરણી સમિતિ પર વી.સી. નોમીની/સિન્ડિકેટ મેમ્બરની રોટેશન મુજબ નિયુક્તિ કરવી.**

**(નોંધ: વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૭ બાંધકામ તા.૦૪/૦૧/૨૦૧૯ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૪/૦૧/૨૦૧૯ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટીની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નેનો સાયન્સ એન્ડ એડવાન્સ મટીરીયલ્સ ભવનના બાંધકામની કામગીરી પૂર્ણ કરવી આવશ્યક હોય જે ધ્યાને લઈ સદરહું કામના એક્સેસ, એક્સ્ટ્રા કામની વિચારણા કરવામાં આવી. ચાલુ કામની વર્ક ઓર્ડરની રકમ રૂ ! ૩,૧૭,૨૧,૮૯૩.૦૦ છે. આ કામમાં ટેન્ડરની જુદી જુદી આઈટમો જેવી કે ચણતર, મોરમ, ફીલીંગ, ફૂટીંગ કોંક્રીટ તેમજ સ્ટીલમાં મુખ્યત્વે જથ્થામાં વધારો થતા તેમજ ૧.૫૦ મીટરથી**

વધારે ઊંડાઈમાં ખોદાણ અને તેના સી.સી. કોંક્રીટની એક્સ્ટ્રા આઈટમ થતા કામગીરીમાં એક્સેસ/એક્સ્ટ્રા આઇટમની રકમ રૂ.૩૯,૮૨,૦૮૪.૦૦+૨,૧૪,૦૫૮.૦૦=૪૧,૯૬,૧૪૨.૦૦ ની થાય તેમ છે. જ્યારે આજ ટેન્ડરની અન્ય આઈટમ જેવી કે પ્લીન્થનું કોંક્રીટ, ફાઉન્ડેશન મેશનરી, સ્લેબ, કમ્પાઉન્ડ વોલ કોંક્રીટ, વિટ્રીફાઈડ ટાઈલ્સ, કોટા સ્ટોન, ચાઈના મોઝેક અને બહારનું પ્લાસ્ટરની આઈટમોમાં મુખ્યત્વે જથ્થામાં ઘટાડો થતા રૂ.૩૪,૭૯,૪૮૧.૦૦ નું સેવિંગ રહે તેમ છે. આ કામનું ઓવરઓલ એક્સેસ/એક્સ્ટ્રા/સેવિંગ સ્ટેટમેન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ જે પી.એમ.સી. દ્વારા ચેક કરી બાંધકામ વિભાગમાં રજૂ કરેલ છે. જેને યુનિવર્સિટી એન્જીનયર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે. આ સ્ટેટમેન્ટ મુજબ મંજૂર થયેલ ટેન્ડર કરતા રૂ.૭,૧૬,૬૬૧.૦૦નો વધારાનો ખર્ચ થાય છે. જે મંજૂર કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્વિમિંગ પુલના કામ સંદર્ભે જે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તે વર્ક ઓર્ડર પૈકી જે કામગીરી બાકી હોઈ તેની રકમ બાદ કરી, બાકી કામગીરી પૂર્ણ કરવાની બાંહેધરી મેળવીને, વર્ક ઓર્ડરની મર્યાદામાં ચૂકવણું કરવું.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્વિમિંગ પુલના કામ સંદર્ભે ટી.પી.આઈ. કરાવ્યા બાદ જ એક્સ્ટ્રા/એક્સેસ કામની ચુકવણી કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં વિવિધ બાંધકામોમાં થયેલ એક્સેસ/એક્સ્ટ્રા આઈટમો અંગે બાંધકામ વિભાગનાં જવાબદાર અધિકારીશ્રીઓ (૧) શ્રી એન.બી.સીણોજીયા, પૂર્વ યુનિવર્સિટી એન્જીનીયર (૨) શ્રી વી.એચ. ડાંગસીયા, નિવૃત્ત ડેપ્યુટી એન્જીનીયર (૩) શ્રી એ.સી.દવે, ઈન્ચાર્જ યુનિવર્સિટી એન્જીનીયર (૪) શ્રી મુકેશ જાદવ, નિવૃત્ત એન્જીનીયર તથા પી.એમ.સી.નો ખુલાસો પૂછવો.

(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૦૪/૦૧/૨૦૧૯ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "03" તરીકે આ સાથે સામેલ છે.)

૮ તા.૧૪/૧૨/૨૦૧૮ નાં રોજ મળેલ બી.યુ.ટી. ની ભલામણો મંજુર કરવા બાબત.

પી.જી.ટી.આર

આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૪/૧૨/૨૦૧૮ નાં રોજ મળેલ બી.યુ.ટી. ની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.

ઠરાવ ક્રમાંક : ૨૦૨

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે જુદાં જુદાં ભવનોના વિદ્યાર્થીઓને ડેઝર્ટેશન રજૂ કરવા પુનઃનોંધણી કરવા માટે મંજૂરી આપવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અગાઉ અને હવે પછી જે વિદ્યાર્થીઓએ ડેઝર્ટેશન રજૂ કરવા પુનઃનોંધણી કરવા દરખાસ્ત કરેલ/કરનાર હોઈ તેને પણ મંજૂરી આપવી.

(નોંધ : બી.યુ.ટી.ની તા.૧૪/૧૨/૨૦૧૮ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)

૯ તા.૦૮/૦૧/૨૦૧૯ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર

હિસાબ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૮/૦૧/૨૦૧૯ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો નીચે મુજબનાં સુધારા સાથે મંજૂર કરવી.

ઠરાવ ક્રમાંક : ૦૯

આથી ઠરાવવામાં આવે છે કે Center of Excellence માટે રચવામાં આવેલ કમિટીમાં ડૉ. ધરમભાઈ કાંબલીયા, સિન્ડિકેટ સભ્યશ્રીનો સમાવેશ કરવો.

ઠરાવ ક્રમાંક : ૧૭

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત કામકાજ ક્રમાંકમાંથી બાબત રદ્દ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વર્ચ્યુલ એપ્લીકેશનનો મહત્તમ ઉપયોગ થાય તે માટે પરિપત્ર કરી સર્વે ભવનો અને કોલેજોને જાણ કરવી.

ઠરાવ ક્રમાંક : ૨૧

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની ઉપર્યુક્ત ભલામણ સ્વીકારવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, “રાજકોટ મ્યુ. કમિશ્નર અને મેયરશ્રી રાજકોટ શહેર, મા.કુલપતિશ્રી.....” દર્શાવેલ છે તેનાં બદલે “રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી......” એમ વાંચવું.

(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૦૮/૦૧/૨૦૧૯નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)

૧૦ સરકારશ્રીનાં સામાન્ય વિભાગનાં તા.૦૩/૧૧/૨૦૧૮નાં જાહેરનામા ક્રમાંક: ગસ-૩૨-૨૦૧૮-

મહેકમ-બ જસર-૧૦૨૦૧૮-૧૪૧૧/ધ થી બહાર પડેલ વર્ષ-૨૦૧૯ ની જાહેર તથા મરજીયાત રજાઓ યુનિવર્સિટી નાં તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન

કોલેજો અને માન્ય સંસ્થાના કર્મચારીઓ માટે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ જાહેર કરવાના માન. કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : સામાન્ય વહીવટ વિભાગનાં જાહેરનામાની નકલ પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૧ શા.શિ. તા.૧૧/૦૯/૨૦૧૮ ને મંગળવાર રોજ મળેલ બોર્ડ ઓફ કલ્ચર એકટીવીટીઝની સભા મળેલ હતી. તેની કાર્યવાહી નોંધ મંજૂર થવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૧/૦૯/૨૦૧૮ ને મંગળવાર રોજ મળેલ બોર્ડ ઓફ કલ્ચર એકટીવીટીઝની કાર્યવાહી નોંધ મંજૂર કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે)**

૧૨ જોડાણ આચાર્યશ્રી/ સંચાલકશ્રી લીંબડી વિકાસ ટ્રસ્ટ સંચાલિત-લીંબડી હોમિયોપેથી મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ-લીંબડીની વર્ષ:૨૦૧૭-૧૮ માટે એસ.સી.એ.ન.૨૦૧૫૦/૨૦૧૭ અંગે લીગલ વિભાગનાં તા.૦૬/૧૨/૨૦૧૮નાં પત્ર થી ઉક્ત કોલેજ દ્વારા નામ ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રીત પીટીશન અન્વયે માન.ગુજરાત હાઈકોર્ટ આપેલ તા.૦૫/૧૨/૨૦૧૮ના આદેશ મુજબ કોલેજને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ના હોમિયોપેથીનાં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ કરવા તેમજ તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની લેવાનારી પરીક્ષામાં બેસવા દેવાના આદેશનો અમલ કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ વર્ષ: ૨૦૧૬-૧૭ ને વર્ષ ૨૦૧૭-૧૮માં તબદીલ કર્યાના કાર્યને નીચે દર્શાવેલ અભ્યાસક્રમનું નવું જોડાણ આપવા, રાજ્ય સરકારશ્રીને ભલામણ કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

**જોડાણની વિગત:**

હોમિયોપેથી વિદ્યાશાખા-(નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ.ના અભ્યાસક્રમ

નોંધ: ૧. કોલેજ વર્ષ:૨૦૧૬-૧૭ અંગે જોડાણ અરજી તા.૧૭/૦૪/૨૦૧૫ના રોજ કરેલ હતી તેના પર એલ.આઈ.સી. નિયુક્તિ તા.૧૧/૦૮/૨૦૧૫ના રોજ કરવામાં આવેલ અને એલ.આઈ.સી.સભ્યોશ્રી દ્વારા તા.૨૯/૦૯/૨૦૧૫ના રોજ અહેવાલ રજૂ કરેલ છે. જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨. કોલેજ એલ.આઈ.સી. અહેવાલની વિગતે કોલેજને વર્ષ:૨૦૧૭-૧૮ નું N.O.C. પ્રમાણપત્ર તા.૨૭/૧૦/૨૦૧૫ના રોજ આપેલ છે.

૩. કોલેજને આયુષ વિભાગ દ્વારા વર્ષ:૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ની મંજુરી તા.૧૯/૧૦/૨૦૧૭ અને ૦૧/૧૧/૨૦૧૭ નાં પત્રથી માન્યતા આપેલ નથી.

૪. નામ.ગુજરાત હાઈકોર્ટ નાં સ્પે.સી.એ. ૨૦૧૫૦/૨૦૧૭ નાં ઓરલ ઓર્ડર મુજબ આયુષ દ્વારા પ્રક્રિયા કરી ૧૫ દિવસમાં એન.ઓ.સી. અને ફાઈનલ ઓર્ડર ન થાય ત્યાં સુધી પ્રવેશ કમીટીનો સીધો સંપર્ક સાંધી વિદ્યાર્થીઓને કન્ડીશનલ પ્રોવિઝનલ પ્રવેશ પ્રક્રિયા કરવા મંજુરી આપેલ છે. જે માં યુનિવર્સિટીને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ ન હતી.

૫. આયુષ વિભાગ દ્વારા કોલેજને મંજુરી આપેલ ન હતી. જે અન્વયે કોલેજનાં વિદ્યાર્થીઓને એનરોલ કરવામાં આવેલ ન હતા.

૬. નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન અન્વયેના ચુકાદા તા.૦૫/૧૨/૨૦૧૮ અનુસાર જજમેન્ટની રાહ જોયા વગર વિદ્યાર્થીઓને એનરોલ કરવા અને પરીક્ષામાં બેસવા દેવા તેવી એડવોકેટ ની સૂચના અનુસાર ચુકાદાનાં અમલ અન્વયે જોડાણ વર્ષ:૨૦૧૭-૧૮ માં જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા માન. કુલપતિશ્રીએ એસી/સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજુરી આપેલ છે.

૭. કોલેજના વર્ષ:૨૦૧૭-૧૮ન વિદ્યાર્થીઓને ચુકાદાને આધીન એનરોલ કરી અમલ કરવામાં આવેલ છે.

૮. કોલેજને આયુષ વિભાગ દ્વારા ૧૮-૧૯ ની તા.૦૬/૧૧/૨૦૧૮નાં પત્રથી કન્ડીશનલી મંજુરી આપેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને નીચે મુજબનાં સુધારા સાથે બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે સંસ્થાને હોમિયોપેથી વિદ્યાશાખાના હોમિયોપેથી અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ કરવા તથા તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની પરીક્ષામાં બેસવા દેવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વર્ષ ૨૦૧૭-૧૮નાં જોડાણ માટે ઉપર્યુક્ત સંસ્થાએ આયુષની માન્યતા મેળવીને યુનિવર્સિટીમાં સમયસર જમા કરાવવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નામદાર કોર્ટનો જેમાં આદેશ ન હોઈ તેવી કોલેજોનાં હોમિયોપેથીક અભ્યાસક્રમ માટે આયુષની માન્યતા હોય તો જ જોડાણ ચાલુ રાખવું તેમજ એનરોલમેન્ટ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જરૂર જણાય તો આ પ્રકારની કોલેજો સામે નામદાર કોર્ટમાં અગાઉથી જ કેવિએટ દાખલ કરવી.**

૧૩ જોડાણ

આચાર્યશ્રી, શ્રી જ્ઞાનજ્યોત એજયુકેશ ટ્રસ્ટ સંચાલિત- શ્રી બી.જી. ગરેયા હોમિયોપેથી મેડીકલ કોલેજ-કાળીપાટ, જી-રાજકોટની વર્ષ:૨૦૧૭-૧૮ માટે એસ.સી.એ.ન.૧૮૭૨૭/૨૦૧૮ અંગે લીગલ વિભાગનાં તા.૦૬/૧૨/૨૦૧૮ના પત્ર થી ઉક્ત કોલેજ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રીટ પીટીશન અન્વયે નામ.ગુજરાત હાઈકોર્ટે આપેલ તા.૦૫/૧૨/૨૦૧૮નાં આદેશ મુજબ કોલેજને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ના હોમિયોપેથીનાં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ કરવા તેમજ તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની લેવાનારી પરીક્ષામાં બેસવા દેવાના આદેશનો અમલ કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીના વર્ષ:૨૦૧૭-૧૮નાં નીચે દર્શાવેલ અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા, રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા મંજુરી આપેલ માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

જોડાણની વિગત:
હોમિયોપેથી વિદ્યાશાખા-(ચાલુ જોડાણ)
બી.એચ.એમ.એસ. પદવીના અભ્યાસક્રમ

નોંધ:

૧. કોલેજ વર્ષ:૨૦૧૭-૧૮ અંગે જોડાણ અરજી તા.૩૦/૦૮/૨૦૧૬ના રોજ કરેલ હતી તેના પર એલ.આઈ.સી. નિયુક્તિ તા.૧૦/૧૨/૨૦૧૬ના રોજ કરવામાં આવેલ અને એલ.આઈ.સી.સભ્યોશ્રી દ્વારા તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજ અહેવાલ રજૂ કરેલ છે. જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨. કોલેજ એલ.આઈ.સી. અહેવાલની વિગતે કોલેજને વર્ષ:૨૦૧૭-૧૮ નું જોડાણ પ્રમાણપત્ર તા.૦૪/૦૭/૨૦૧૭માં રોજ આપેલ છે.

૩. કોલેજને આયુષ વિભાગ દ્વારા વર્ષ: ૨૦૧૭-૧૮ની તા.૧૧/૦૯/૨૦૧૭ નાં પત્રથી પ્રવેશ પ્રક્રિયા માટે મંજુરી આપેલ નથી.

૪. નામ.ગુજરાત હાઈકોર્ટ નાં સ્પે.સી.એ. ૧૮૭૨૭/૨૦૧૮ નાં ઓરલ ઓર્ડર મુજબ આયુષ દ્વારા પ્રક્રિયા કરી ૧૫ દિવસમાં એન.ઓ.સી. અને ફાઈનલ ઓર્ડર ન થાય ત્યાં સુધી પ્રવેશ કમીટીનો સીધો સંપર્ક સાંધી વિદ્યાર્થીઓને કન્ડીશનલ પ્રોવિઝનલ પ્રવેશ પ્રક્રિયા કરવા મંજુરી આપેલ છે. જેમાં યુનિવર્સિટીને પક્ષકાર તરીકે જોડેલ નથી.

૫. વર્ષ ૨૦૧૭-૧૮ ની એસ.સી.એ.૧૮૭૨૭/૨૦૧૮ નાં ઓર્ડર અનુસાર પ્રવેશ કમિટિ લીસ્ટમાં સામેલ કરેલ છે, કોલેજે વર્ષ: ૨૦૧૭-૧૮ માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે.

૬. આયુષ વિભાગ દ્વારા કોલેજને મંજુરી આપેલ ન હતી. જે અન્વયે કોલેજનાં વિદ્યાર્થીઓને એનરોલ કરવામાં આવેલ ન હતા.

૭. નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન અન્વયેના ચુકાદા તા.૦૫/૧૨/૨૦૧૮ અનુસાર જજમેન્ટની રાહ જોયા વગર વિદ્યાર્થીઓને એનરોલ કરવા અને પરીક્ષામાં બેસવા દેવા તેવી એડવોકેટ ની સલાહ અનુસાર ચુકાદાનાં અમલ અન્વયે જોડાણ વર્ષ:૨૦૧૭-૧૮ માં જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા માન. કુલપતિશ્રીએ એસી/સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજુરી આપેલ છે.

૮. કોલેજના વર્ષ:૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓને ચુકાદાને આધીન એનરોલ કરી અમલ કરવામાં આવેલ છે.

૯. કોલેજને આયુષ વિભાગ દ્વારા ૧૮-૧૯ ની તા.૦૭/૦૯/૨૦૧૮નાં પત્રથી કન્ડીશનલી મંજુરી આપેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને નીચે મુજબનાં સુધારા સાથે બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે સંસ્થાને હોમિયોપેથી વિદ્યાશાખાના હોમિયોપેથી અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ કરવા તથા તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની પરીક્ષામાં બેસવા દેવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વર્ષ ૨૦૧૭-૧૮નાં જોડાણ માટે ઉપર્યુક્ત સંસ્થાએ આયુષની માન્યતા મેળવીને યુનિવર્સિટીમાં સમયસર જમા કરાવવી.**

૧૪ જોડાણ

આચાર્યશ્રી, બી.એ. ડાંગર હોમિયોપેથી કોલેજ-રાજકોટ ની વર્ષ:૨૦૧૭-૧૮ માટે એસ.સી.એ.ન. ૧૮૪૧૧/૨૦૧૭ અંગે લીગલ વિભાગનાં તા.૦૬/૧૨/૨૦૧૮ના પત્ર થી ઉક્ત કોલેજ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રીટ પીટીશન અન્વયે નામ.ગુજરાત હાઈકોર્ટ આપેલ તા.૦૫/૧૨/૨૦૧૮નાં આદેશ મુજબ કોલેજને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ના હોમિયોપેથીનાં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ કરવા તેમજ તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની લેવાનારી પરીક્ષામાં બેસવા દેવાના આદેશનો અમલ કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીના વર્ષ:૨૦૧૭-૧૮નાં નીચે

દર્શાવેલ અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા, રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા મંજુરી આપેલ માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

જોડાણની વિગત:
હોમિયોપેથી વિદ્યાશાખા-(ચાલુ જોડાણ)
બી.એચ.એમ.એસ. પદવીના અભ્યાસક્રમ

નોંધ:

૧. કોલેજ વર્ષ:૨૦૧૭-૧૮ અંગે જોડાણ અરજી તા.૧૧/૦૬/૨૦૧૬ના રોજ કરેલ હતી તેના પર એલ.આઈ.સી. નિયુક્તિ તા.૧૦/૧૨/૨૦૧૬ના રોજ કરવામાં આવેલ અને એલ.આઈ.સી.સભ્યોશ્રી દ્વારા તા.૧૧/૦૬/૨૦૧૭ના રોજ અહેવાલ રજૂ કરેલ છે. જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨. કોલેજ એલ.આઈ.સી. અહેવાલની વિગતે કોલેજને વર્ષ:૨૦૧૭-૧૮ નું જોડાણ પ્રમાણપત્ર તા.૧૭/૦૭/૨૦૧૭માં રોજ આપેલ છે.

૩. કોલેજને આયુષ વિભાગ દ્વારા વર્ષ: ૨૦૧૭-૧૮ માટે તા.૧૧/૦૮/૨૦૧૭ના પત્ર મુજબ નામંજુર કરેલ છે.

૪. નામ.ગુજરાત હાઈકોર્ટ નાં સ્પે.સી.એ. ૧૮૪૧૧/૨૦૧૭ નાં ઓરલ ઓર્ડર મુજબ આયુષ દ્વારા પ્રક્રિયા કરી ૧૫ દિવસમાં એન.ઓ.સી. અને ફાઈનલ ઓર્ડર ન થાય ત્યાં સુધી પ્રવેશ કમીટીનો સીધો સંપર્ક સાંધી વિદ્યાર્થીઓને કન્ડીશનલ પ્રોવિઝનલ પ્રવેશ પ્રક્રિયા કરવા મંજુરી આપેલ છે. જે માં યુનિવર્સિટીને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ ન હતી.

૫. વર્ષ ૨૦૧૭-૧૮ ની એસ.સી.એ.૧૮૪૧૧/૨૦૧૭ નાં ઓર્ડર અનુસાર પ્રવેશ કમિટિ લીસ્ટમાં સામેલ કરેલ છે, કોલેજે વર્ષ: ૨૦૧૭-૧૮ માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે.

૬. આયુષ વિભાગ દ્વારા કોલેજને મંજુરી આપેલ ન હતી. જે અન્વયે કોલેજનાં વિદ્યાર્થીઓને એનરોલ કરવામાં આવેલ ન હતા.

૭. નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન ન.૧૬૧૦૬, તા.૧૯/૦૬/૨૦૧૮ માં યુનિવર્સિટીને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ.

૮. નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન અન્વયેના ચુકાદા તા.૦૫/૧૨/૨૦૧૮ અનુસાર જજમેન્ટની રાહ જોયા વગર વિદ્યાર્થીઓને એનરોલ કરવા અને પરીક્ષામાં બેસવા દેવા તેવી એડવોકેટ ની સલાહ અનુસાર ચુકાદાનાં અમલ અન્વયે જોડાણ વર્ષ:૨૦૧૭-૧૮ માં જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા માન. કુલપતિશ્રીએ એસી/સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજુરી આપેલ છે.

૯. કોલેજના વર્ષ:૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓને ચુકાદાને આધીન એનરોલ કરી અમલ કરવામાં આવેલ છે.

૧૦. કોલેજને વર્ષ:૨૦૧૮-૧૯ માટે કાઉન્સિલ તરફથી કોઈ મંજુરી મળેલ નથી.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને નીચે મુજબનાં સુધારા સાથે બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે સંસ્થાને હોમિયોપેથી વિદ્યાશાખાના હોમિયોપેથી અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ કરવા તથા તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની પરીક્ષામાં બેસવા દેવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વર્ષ ૨૦૧૭-૧૮નાં જોડાણ માટે ઉપર્યુક્ત સંસ્થાએ આયુષની માન્યતા મેળવીને યુનિવર્સિટીમાં સમયસર જમા કરાવવી.**

૧૫ જોડાણ

આચાર્યશ્રી, સ્વામિનારાયણ ગુરુકુળ સંચાલિત-શ્રીમતી વસંતબેન એન. વ્યાસ હોમિયોપેથી કોલેજ-અમરેલીની વર્ષ:૨૦૧૭-૧૮ માટે એસ.સી.એ.ન. ૧૮૪૧૧/૨૦૧૭ અંગે લીગલ વિભાગનાં તા.૦૬/૧૨/૨૦૧૮ના પત્ર થી ઉક્ત કોલેજ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં કરેલ રીટ પીટીશન અન્વયે નામ.ગુજરાત હાઈકોર્ટ આપેલ તા.૦૫/૧૨/૨૦૧૮નાં આદેશ મુજબ કોલેજને શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૧૮ના હોમિયોપેથીનાં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ કરવા તેમજ તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની લેવાનારી પરીક્ષામાં બેસવા દેવાના આદેશનો અમલ કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીના વર્ષ:૨૦૧૭-૧૮નાં નીચે દર્શાવેલ અભ્યાસક્રમનું ચાલુ જોડાણ આપવા, રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા મંજુરી આપેલ માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

જોડાણની વિગત:
હોમિયોપેથી વિદ્યાશાખા-(ચાલુ જોડાણ)
બી.એચ.એમ.એસ. પદવીના અભ્યાસક્રમ

નોંધ: ૧. કોલેજ વર્ષ: ૨૦૧૭-૧૮ અંગે જોડાણ અરજી તા.૨૩/૦૮/૨૦૧૬ના રોજ કરેલ હતી તેના પર એલ.આઈ.સી. નિયુક્તિ કરવામાં આવેલ અને એલ.આઈ.સી.સભ્યોશ્રી દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૬ના રોજ અહેવાલ રજૂ કરેલ છે. જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨. કોલેજને આયુષ વિભાગ દ્વારા વર્ષ: ૨૦૧૭-૧૮ ની તા.૧૯/૦૯/૨૦૧૯ નાં પત્રની પ્રવેશ માટે મંજુરી આપેલ નથી.

૩. નામ.ગુજરાત હાઈકોર્ટ નાં સ્પે.સી.એ. ૧૭૯૬૮/૨૦૧૭ નાં ઓરલ ઓર્ડર મુજબ આયુષ દ્વારા પ્રક્રિયા કરી ૧૫ દિવસમાં એન.ઓ.સી. અને ફાઈનલ ઓર્ડર ન થાય ત્યાં સુધી પ્રવેશ કમીટીનો સીધો સંપર્ક સાંધી વિદ્યાર્થીઓને કન્ડીશનલ પ્રોવિઝનલ પ્રવેશ પ્રક્રિયા કરવા મંજુરી આપેલ છે. જે માં યુનિવર્સિટીને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ ન હતી.

૪. વર્ષ ૨૦૧૭-૧૮ ની એસ.સી.એ. ૧૭૯૬૮/૨૦૧૭ નાં ઓર્ડર અનુસાર પ્રવેશ કમિટિ લીસ્ટમાં સામેલ કરેલ છે, કોલેજે વર્ષ: ૨૦૧૭-૧૮ માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે.

૫. આયુષ વિભાગ દ્વારા કોલેજને મંજુરી આપેલ ન હતી. જે અન્વયે કોલેજનાં વિદ્યાર્થીઓને એનરોલ કરવામાં આવેલ ન હતા.

૬. નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન ન.૧૭૯૬૮/૨૦૧૭માં યુનિવર્સિટી પક્ષકાર તરીકે જોડવામાં આવેલ હતા.

૭. નામ.ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન અન્વયેના ચુકાદા તા.૦૫/૧૨/૨૦૧૮ અનુસાર જજમેન્ટની રાહ જોયા વગર વિદ્યાર્થીઓને એનરોલ કરવા અને પરીક્ષામાં બેસવા દેવા તેવી એડવોકેટ ની સલાહ અનુસાર ચુકાદાનાં અમલ અન્વયે જોડાણ વર્ષ:૨૦૧૭-૧૮ માં જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા માન. કુલપતિશ્રીએ એસી/સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજુરી આપેલ છે.

૮. કોલેજના વર્ષ:૨૦૧૭-૧૮ના વિદ્યાર્થીઓને ચુકાદાને આધીન એનરોલ કરી અમલ કરવામાં આવેલ છે.

૯. કોલેજને આયુષ વિભાગ દ્વારા ૧૮-૧૯ ની તા.૦૭/૦૯/૨૦૧૮નાં પત્રથી કન્ડીશનલી મંજુરી આપેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને નીચે મુજબનાં સુધારા સાથે બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વિગતે સંસ્થાને હોમિયોપેથી વિદ્યાશાખાના હોમિયોપેથી અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રથમ વર્ષમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓનાં એનરોલમેન્ટ કરવા તથા તેઓને તા.૧૫/૧૨/૨૦૧૮ થી શરૂ થતી હોમિયોપેથીની પરીક્ષામાં બેસવા દેવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વર્ષ ૨૦૧૭-૧૮નાં જોડાણ માટે ઉપર્યુક્ત સંસ્થાએ આયુષની માન્યતા મેળવીને યુનિવર્સિટીમાં સમયસર જમા કરાવવી.**

૧૬ સામાન્ય સિન્ડિકેટે નીમેલ સમિતિ તા.૨૫/૦૬/૨૦૧૮ની સભાના ઠરાવ અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/03/૨૦૧૮ સુધીના સમયનો વર્ષ ૨૦૧૭/૧૮ નો ૫૧મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે, જે સેનેટમાં રજૂ કરવા માટે મંજૂર થવા બાબત.

સિન્ડિકેટ તા.૨૫/૦૬/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક ૦૫ થી વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ.

૧. ડૉ. વિજયભાઈ પટેલ
૨. ડૉ. ધરમભાઇ કાંબલીયા
૩. પ્રો. રાજેન્દ્ર ચોટલીયા
૪. ડૉ. નિતીનભાઈ વડગામા
૫. ડૉ. સંજય મુખરજી
૬. ડૉ. રંજનબેન ખુંટ

**આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/0૩/૨૦૧૮ સુધીના સમયનો વર્ષ ૨૦૧૭-૧૮ નો ૫૧ મો વાર્ષિક અહેવાલ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.**

૧૭ એકેડેમિક સિન્ડિકેટની તા.૨૭/૧૧/૨૦૧૮ની સભાના કામકાજ ક્રમાંક-૧ થી સિન્ડિકેટની તા.૧૪/૦૯/૨૦૧૮ની સાભાનો ઠરાવ ક્રમાંક-૪ સુધારવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

ઠરાવ ક્રમાંક-૦૪

(આથી ઠરાવવામાં આવે છે કે, પેરા મેડિકલ અભ્યાસક્રમો માટે અને રાષ્ટ્રીય વૈધાનિક સંસ્થા અંતર્ગત આવતા હોય તેવા તમામ અભ્યાક્રમો માટે અલગ-અલગ રાષ્ટ્રીય વૈધાનિક સંસ્થા અનુસારની અલગ-અલગ વિદ્યાશાખાની રચના કરવી અને તેના સ્ટેચ્યુટ મંજૂર કરવા સંબંધિત સત્તામંડળને ભલામણ કરવી.)

સિન્ડિકેટનાં ઉપરોક્ત ઠરાવને ધ્યાને લેતા હાલમાં તબીબી વિદ્યાશાખા હેઠળ MCI નાં કાર્યક્ષેત્ર હેઠળના અભ્યાસક્રમો ઉપરાંત નીચે મુજબનાં અભ્યાસક્રમો તબીબી વિદ્યાશાખા હેઠળ છે.

| **ક્રમ** | **કાઉન્સિલનું નામ** | **અભ્યાસક્રમનું નામ** | **હાલની વિદ્યાશાખા** |
|---|---|---|---|
| ૧ | MCI | MBBS/MS/MD/DIPLOMA | તબીબી |
| ૨ | DCI | BDS/MDS | તબીબી |
| 3 | INC | B.SC./P.B./M.SC. NURSING | તબીબી |

| | | | |
|---|---|---|---|
| ૪ | GUJ. COUNCIL OF PHYSIOTHERAPY | BPT/MPT | તબીબી |
| ૫ | RCI | B.ASLP. | ?હાલ-તબીબી |

(નોંધ ઉપરોક્ત ઠરાવ '૪'ને ધ્યાનમાં લેતાં ક્રમ નં.- '૨','૩','૪' અને '૫' સ્ટેચ્યુટરી કાઉન્સિલ હેઠળના છે.પરંતુ ક્રમાંક '૪' સેન્ટ્રલ કાઉન્સિલ હેઠળ નથી પરંતુ ગુજરાત રાજ્યનાં અધિનિયમ અન્વયે સ્થપાયેલ ગુજરાત કાઉન્સિલ ઓફ ફિઝીયોથેરાપીસ્ટનાં નિયંત્રણ હેઠળ છે તેથી તેનો સમાવેશ અલગ વિદ્યાશાખામાં કરવો કે કેમ? તે અંગે માર્ગદર્શન જરૂરી છે. રીહિબીલીએસન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા હેઠળનો **B.ASLP.**નાં અભ્યાસક્રમ અંગે નીચે મુજબની સ્થિતિ છે. **"B.ASLPનાં અભ્યાસક્રમ માટે એક અલગ વિદ્યાશાખાની સ્થાપના કરવાની રહે. ક્રમાંક '૬' થી '૧૦'નાં અભ્યાસક્રમો માટે હાલ જે વિદ્યાશાખા છે તેમાં કોઈ ફેરફાર કરવાનો રહેતો નથી. વર્તમાન પારિસ્થિતિને જોતા હાલ B.ASLPનો એકમાત્ર અભ્યાસક્રમ સુરેન્દ્રનગરની સી.યુ.શાહ મેડીકલ કોલેજ ખાતે ચાલે છે અને તે કોલેજમાં અધિનિયમની કલમ ૨૬(૨)(II) અનુસાર અભ્યાસસમિતિનાં હોદ્દાગત સભ્યપદ આપી શકાય તેવા માન્યતાપ્રાપ્ત શિક્ષકો નથી."** જેથી ઉપરોક્ત એકમાત્ર અભ્યાસક્રમ માટે અલગ વિદ્યાશાખાની રચના કરવી કે કેમ? અથવા હાલ તે તબીબી વિદ્યાશાખા હેઠળ છે તે યથાવત રાખવો કે કે? તે અંગે નિર્ણય કરવાનો રહે.

ઉપરોક્ત પત્રના ક્રમાંક '૨','૩' અને '૪'ને ધ્યાને લઇ નીચે મુજબની '૩' નવી વિદ્યાશાખા રચી શકાય તેમ છે.

16) FACULTY OF DENTISTRY
17) FACULTY OF NURSING
18) FACULTY OF PHYSIOTHERAPY (માત્ર રાજ્યકક્ષાની કાઉન્સિલ છે.)

જેથી જેટલી સંખ્યાની નવી વિદ્યાશાખા સ્થાપવા માટેની જોગવાઈ થાય તે મુજબ યુનિવર્સિટીનાં સ્ટેચ્યુટ ૯૫(એ), ૯૭, ૯૮, ૯૯ અને ૧૫૮ તથા ૯૫ (એ) સુધારવાના રહે અને તે મુજબની ભલામણ અગામી સેનેટમાં એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ તે રજુ કરી શકાય.)

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તબીબી વિદ્યાશાખા હેઠળનાં ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અંતર્ગતનાં અભ્યાસક્રમો માટે FACULTY OF DENTISTRY તથા ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત કાઉન્સિલ ઓફ ફિઝીયોથેરાપી અંતર્ગતનાં અભ્યાસક્રમો માટે FACULTY OF NURSING & PHYSIOTHERAPY ની રચના કરવા તથા તે સંદર્ભે યુનિવર્સિટીનાં સ્ટેચ્યૂટ ૯૫ (એ), ૯૭, ૯૮, ૯૯ અને ૧૫૮ સુધારવા એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સેનેટને ભલામણ કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે)**

૧૮ જોડાણ આચાર્યશ્રી/સંચાલકશ્રી, શ્રી સર્વોદય કેળવણી મંડળ સંચાલિત- શ્રીમતી અમૃતબેન વાલજીભાઈ સવજાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ- જામજોધપુરએ વર્ષ: ૨૦૧૭-૧૮ થી પી.જી.ડી.સી.એ બંધ કરવા માટે કરેલ અરજી પર સ્થાનિક તપાસ સમિતિની નિયુક્ત કરવામાં આવેલ, જે અન્વયે વર્ષ: ૨૦૧૭-૧૮ થી પી.જી.ડી.સી.એ.નો અભ્યાસક્રમ બંધ કરવાની સ્થાનિક તપાસ સમીતીના સભ્યોશ્રી દ્વારા રજૂ થયેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત :

વિજ્ઞાન વિદ્યાશાખા :- (ચાલુ જોડાણ)

પી.જી.ડી.સી.એ.નો અભ્યાસક્રમ

નોંધ: ૧. વર્ષ: ૨૦૧૭-૧૮ થી પી.જી.ડી.સી.એ અભ્યાસક્રમ બંધ કરવા માટેની સંસ્થાની આવેલ અરજી પર તા.૧૧/૦૯/૨૦૧૮ની નોંધ પર સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ.

૨. સ્થાનિક તપાસ સમીતીના બે સભ્યશ્રીનો તા.૧૭/૧૨/૨૦૧૮નો અહેવાલ અત્રે તા.૧૭/૧૨/૨૦૧૮નાં રોજ મળેલ છે. ૨૦૧૭-૧૮ થી પી.જી.ડી.સી.એ અભ્યાસક્રમ બંધ કરવાની માંગણી ગ્રાહ્ય રાખવા ભલામણ કરેલ છે.

૩. કોલેજમાં વિજ્ઞાન વિદ્યાશાખામાં પી.જી.ડી.સી.એ.નાં અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે અને કોલેજ ચાલુ જોડાણ ધરાવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી/સંચાલકશ્રી, શ્રી સર્વોદય કેળવણી મંડળ સંચાલિત- શ્રીમતી અમૃતબેન વાલજીભાઈ સવજાણી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ- જામજોધપુર તરફથી જુન-૨૦૧૭-૧૮ થી પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને ધ્યાને લઈ એકેડમીક કાઉન્સીલની બહાલીની અપેક્ષાએ વર્ષ ૨૦૧૭-૧૮ થી પી.જી.ડી.સી.એ. અભ્યાસક્રમ બંધ કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે)**

૧૯ જોડાણ આચાર્યશ્રી સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી આર.ડી. ગાર્ડી કોલેજ ઓફ એજ્યુકેશન કાલાવડ રોડ, રાજકોટ તરફથી જુન ૨૦૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ માટે) નીચેની વિગતે કાયમી/ ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત :

**શિક્ષણ વિદ્યાશાખા - (કાયમી જોડાણ) ( ૨૦૧૯ માટે)**

બી.એડ. પદવીના અભ્યાસક્રમ

**કાયદા વિદ્યા શાખા : (ચાલુ જોડાણ) જુન ૨૦૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ માટે)**
એલ.એલબી પદવીના અભ્યાસક્રમ

નોંધ: ૧. સ્થાનિક તપાસ સમિતિનાં બે સભ્યશ્રીઓનો તા.૨૮/૦૮/૨૦૧૮નો અહેવાલ તા.૦૪/૦૧/૨૦૧૮ નાં રોજ અત્રે મળેલ છે. બી.એડ.નાં અભ્યાસક્રમનું વર્ષ: ૨૦૧૯ થી કાયમી જોડાણ આપવા અને એલ.એલ.બી. નાં અભ્યાસક્રમનું જુન ૨૦૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ માટે) ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨. આચાર્ય, ગ્રંથાલય અને પી.ટી.આઈ. ની નિમણુંક થયેલ છે.

૩. સંસ્થા પાસે જમીન ટ્રસ્ટનાં નામ પર છે.

૪. વિદ્યાર્થી દીઠ બાંધકામ નિયમોનુસાર છે તેમ દર્શાવેલ છે.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./ સી. સી. ટી. વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, સદભાવના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી આર.ડી. ગાર્ડી કોલેજ ઓફ એજ્યુકેશન, કાલાવડ રોડ, રાજકોટ તરફથી જુન ૨૦૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ માટે) આવેલ કાયમી/ચાલુ જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટી એ નિયત કરેલ જોડાણ ની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતોનું પરિપાલન સિન્ડીકેટને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને શિક્ષણ વિધાશાખાનું બી.એડ. અભ્યાસક્રમનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધી (૧ વર્ષ માટે) ચાલુ જોડાણ તથા કાયદા વિધાશાખાનું એલએલ.બી. પદવી અભ્યાસક્રમનું તા.૧૫/૬/૨૦૧૯ થી તા. ૧૪/૦૬/૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ માટે) ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે)**

૨૦ જોડાણ આચાર્યશ્રી, સત્કાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-ગીતાંજલી ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન હડાળા, રાજકોટ તરફથી જુન ૨૦૧૯ થી નીચેની વિગતે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત :
**શિક્ષણ વિદ્યાશાખા - (ચાલુ જોડાણ)**
બી.એડ. પદવીના અભ્યાસક્રમ

**કાયદા વિદ્યા શાખા : (ચાલુ જોડાણ)**

એલ.એલબી પદવીના અભ્યાસક્રમ

નોંધ: ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨/૧/૨૦૧૯નો અહેવાલ તા.૪/૧/૨૦૧૯ નાં રોજ અત્રે મળેલ છે.ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨. આચાર્ય, ગ્રંથાલય અને પી.ટી.આઈ. ની નિમણુંક થયેલ છે.

૩. સંસ્થા પાસે જમીન ટ્રસ્ટનાં નામ પર છે.

૪. વિદ્યાર્થી દીઠ બાંધકામ ૯.૫૦ ચો. ફુટ દર્શાવેલ છે.

૫. કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./ સી. સી. ટી. વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે** આચાર્યશ્રી, સત્કાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-ગીતાંજલી ઇન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન, હડાળા, રાજકોટ **તરફથી જુન ૨૦૧૯-૨૦ માટે આવેલ ચાલુ જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટીએ નિયત કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન સિન્ડીકેટ ને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને શિક્ષણ વિધાશાખાનાં બી.એડ. પદવીના અભ્યાસક્રમ તથા કાયદા વિધાશાખાના એલએલ.બી. પદવીના અભ્યાસક્રમનું તા.૧૫/૬/૨૦૧૯ થી તા. ૧૪/૦૬/૨૦૨૦ સુધી એક વર્ષ માટેનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે)**

૨૧ મહેકમ-અ યુનિવર્સિટીનાં મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે માટે ૧૧માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવન નું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઈન એઈડ | ૦૧ | તા.૧૦/૦૧/૨૦૧૯ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે માટે ૧૧માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલી વરણી સમિતિની ભલામણ મુજબ ડો. ધારા આર. દોશીને નિમણુંક આપવી.**

**(નોંધ: વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૨૨ જોડાણ આચાર્યશ્રી, શ્રી હેમજ્યોત ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-ગુરુવંદના લો કોલેજ, કાલાવડ (શીતલા) તરફથી જુન ૨૦૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ માટે) થી નીચેની વિગતે ચાલુ જોડાણ માટે અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત :

**કાયદા વિદ્યા શાખા : (ચાલુ જોડાણ)**

એલ.એલબી પદવીના અભ્યાસક્રમ

નોંધ -: ૧ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૩/૧/૨૦૧૯નો અહેવાલ તા.૪/૧/૨૦૧૯ નાં રોજ અત્રે મળેલ છે.ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૨ આચાર્ય, ગ્રંથાલય અને પી.ટી.આઈ. ની નિમણુંક થયેલ છે.

૩ સંસ્થા પાસે જમીન ટ્રસ્ટનાં નામ પર છે.

૪ વિદ્યાર્થી દીઠ બાંધકામ ૨૩૫ ચો. ફુટ દર્શાવેલ છે.

૫ કોલેજમાં પૂર્વ મંજુરી ધરાવતો સ્ટાફ છે. શૈક્ષણિક માન્યતા મેળવેલ નથી.

૬ કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે./ સી. સી. ટી. વી. કેમેરા રેકોર્ડિંગની કેપેસીટીના ફીટ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે** આચાર્યશ્રી, શ્રી હેમજ્યોત ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત-ગુરુવંદના લો કોલેજ, કાલાવડ (શીતલા) **તરફથી** જુન ૨૦૧૯ થી ૨૦૨૧-૨૨ સુધી (૩ વર્ષ) **માટે આવેલ ચાલુ જોડાણની અરજી તથા તે પરત્વેના સ્થાનિક** તપાસ **સમિતિના અહેવાલ ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટીએ નિયત કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિ એ મુકેલી શરતો નું પરિપાલન સિન્ડીકેટને સંતોષ થાય તે રીતે કરે તો સંસ્થાને કાયદા વિધાશાખાના એલએલ.બી. પદવી અભ્યાસક્રમના તા.૧૫/૬/૨૦૧૯ થી તા. ૧૪/૦૬/૨૦૨૧-૨૨ સુધી ત્રણ વર્ષ માટેનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રી ને ભલામણ કરવી .**

**(નોંધ : ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૨ "તરીકે આ સાથે સામેલ છે.)**

૨૩ જોડાણ આચાર્યશ્રી/સંચાલકશ્રી, સ્વામીનારાયણ ફીઝીઓથેરાપી કોલેજ- નાઘેડી સંલગ્ન નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ અનુસાર કોલેજને તા.૩૧/૧૦/૨૦૧૮ સુધીમાં અરજી કરવા જણાવેલ કોલેજ તરફથી જુન ૨૦૧૯-૨૦ માટે નીચેની વિગતે સંલગ્ન કોલેજમાં બી.એસ.સી નાં નવા અભ્યાસક્રમનાં જોડાણ માટે આવેલ અરજી પર સિન્ડિકેટ તા.૨૭/૧૧/૨૦૧૮ની સભાના

ઠરાવ ક્રમ નં.૧૦ અનુસાર સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિનો આવેલ અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત :

વિજ્ઞાન વિદ્યાશાખા :- (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસસી (મુખ્ય/ગૌણ) ફીઝીક્સ,કેમેસ્ટ્રી,મેથેમેટિક્સ, માઈક્રોબાયોલોજી, બોટની,ઝુલોજી,બાયો કેમેસ્ટ્રી, ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી

નોંધ -: ૧ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર કોલેજ દ્વારા તા.૨૩/૧૦/૨૦૧૮ નાં રોજ અરજી કરેલ છે તેમજ તે અરજી પર સિન્ડિકેટ તા.૨૭/૧૧/૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમ નં.૧૦ અનુસાર સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ.

૨ જેનો સ્થાનિક તપાસ સમીતીના ત્રણ સભ્યશ્રીનો તા.૨૭/૧૨/૨૦૧૮નો અહેવાલ અત્રે તા.૨૭/૧૨/૨૦૧૮ નાં રોજ મળેલ છે. જોડાણ વર્ષ: ૨૦૧૯/૨૦ થી સંલગ્નમાં નવા અભ્યાસક્રમનું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૩ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં જોડાણની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી કોલેજને જાણ કરવા જણાવેલ છે.

૪ આ અગાઉ સિન્ડિકેટ તા.૨૪/૦૭/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમ નં.૩૩ થી સદરહુ અભ્યાસક્રમની ભાલ્માન રાજ્ય સરકારશ્રીને કરવામાં આવેલ પરંતુ એકજ વર્ષમાં ૦૨ અભ્યાસક્રમોનાં જોડાણ થતા.સિન્ડિકેટ તા.૨૬/૦૬/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમ નં.૫૨ થી બી.એડ નાં અભ્યાસક્રમની વર્ષ:૨૦૧૫ ની ભલામણ થયેલ. જે અન્વયે સિન્ડિકેટ તા.૨૪/૦૭/૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમ નં.૩૩ થી વર્ષ:૨૦૧૫ થી બી.એસ.સીનાં અભ્યાસક્રમની જે દરખાસ્ત થયેલ જે રદ કરવા સિન્ડિકેટ દ્વારા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવેલ.

**આથી ઠરાવવામાં આવે છે કે** આચાર્યશ્રી/સંચાલકશ્રી, સ્વામીનારાયણ ફીઝીઓથેરાપી કોલેજ- નાઘેડી **તરફથી જુન ૨૦૧૯-૨૦ માટે આવેલ નવા જોડાણની અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ નીડ કમિટિ સમક્ષ વિચારણા અર્થે મુકવો.**

(**નોંધ** : ઉપર્યુક્ત કોલેજ નવા જોડાણની અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)

૨૪ જોડાણ આચાર્યશ્રી, શ્રી ઉમિયા પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત- બી.સી.એ. કોલેજ- સીદસર, તા.જામજોધપુર, જી. જામનગર તરફથી જુન ૨૦૧૮ની ચાલુ જોડાણ અંગેની અરજી પર અને જુન ૨૦૧૯ થી નીચેની વિગતે કોલેજના તા.૨૫/૦૭/૨૦૧૭નાં પત્ર થી બી.સી.એ. કોલેજ બંધ

કરવાની આવેલ અરજી તથા તે પરત્વેનાં સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત.

જોડાણની વિગત :

**વિજ્ઞાન વિદ્યાશાખા - (ચાલુ જોડાણ)**

બી.સી.એના અભ્યાસક્રમ

નોંધ -: ૧ કોલેજનાં તા.૨૫/૦૭/૨૦૧૭ નાં પત્ર થી જુન ૨૦૧૮ ની ચાલુ જોડાણ અંગેની અરજી તેમજ વર્ષ: ૨૦૧૯ થી બી.સી.એ ની કોલેજ બંધ કરવા પરત્વે સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ કરવામાં આવેલ.

૨ સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૨૩/૧૨/૨૦૧૮ નો અહેવાલ તા.૮/૧/૨૦૧૯નાં રોજ અત્રે મળેલ છે. ઉક્ત અભ્યાસક્રમનું જોડાણ બંધ કરવા અહેવાલમાં ભલામણ કરેલ છે.

૩ કોલેજમાં વર્ષ: ૨૦૧૬-૧૭મા ૨૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે અને વર્ષ: ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માં એકપણ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ નથી તેમજ બી.સી.એ કોલેજને પુરતા પ્રમાણમાં વિદ્યાર્થી ન મળતા હોવાથી કોલેજ બંધ કરવા માંગે છે તેમ એલ.આઈ.સી એ જણાવેલ છે. અને વર્ષ:૨૦૧૯-૨૦ થી સંપૂર્ણ કોલેજ બંધ કરવા ભલામણ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે** આચાર્યશ્રી, શ્રી ઉમિયા પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત- બી.સી.એ. કોલેજ- સીદસર, તા.જામજોધપુર, જી. જામનગર **તરફથી બી.સી.એ. અભ્યાસક્રમનું જુન ૨૦૧૮થી ચાલુ જોડાણ અને જુન ૨૦૧૯ થી કોલેજ બંધ કરવા આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને ધ્યાને લઇ એકેડમીક કાઉન્સીલની બહાલીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખાના બી.સી.એ. પદવી અભ્યાસક્રમનું વર્ષ ૨૦૧૮-૧૯નું ચાલુ જોડાણ તથા વર્ષ ૨૦૧૯-૨૦ થી કોલેજ સંપૂર્ણપણે બંધ કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ : ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૪ "તરીકે આ સાથે સામેલ છે.)**

૨૫ એકેડેમિક બી.એડ/એમ.એડ.મધ્યસ્થ પ્રવેશ સમિતિ ૨૦૧૯-૨૦ની પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે શિક્ષણ વિધાશાખાની તા. ૮-૧-૨૦૧૯ની સભાના અધ્યક્ષ સ્થાનેથી થયેલ ઠરાવના પેટા ક્રમાંક '૧ થી ૩'ની બાબતો પર વિચારણા કરવા બાબત.

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૮-૧૯થી પાંચમાં અને છઠા સેમેસ્ટરની પરીક્ષાઓ જે તે કોલજોમાં લેવાને બદલે વિધાર્થીઓને ભેગા કરી અન્ય કોલજોમાં પરીક્ષા માટે ફાળવવામાં આવે છે. આમ છતાં જે તે કોલેજના વિધાર્થીઓ ગેરરીતિ કરી શકે તેવી

શક્યતા નહિવત છે. આ સ્થિતિમાં વિધાર્થીઓને બી.એડ.માં પ્રવેશ તેમના પાંચમાં અને છઠા સેમેસ્ટરના એક્સટર્નલ પરીક્ષામાં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઈ મેરીટ બનાવી પ્રવેશ આપવામાં આવે તો પ્રવેશ પરીક્ષા લેવાની રહે નહી.

૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની યુનિવર્સિટીમાંથી સ્નાતક થઇને આવતાં વિધાર્થીઓ માટે દરેક યુનિવર્સિટીની અલગ અલગ ગુણની માર્કશીટ આવતી હોય, તેઓની માર્કશીટમાં કુલગુણમાંથી જે ગુણ મળ્યા હોય તેને આધારે મેરીટ બનાવવામાં આવે.

૩. બી.એડ.ની પરીક્ષાઓ જીલ્લા મથકે લેવાય છે.એમ.એડ.ના પ્રવેશ માટે બી.એડ.ના સૈદ્ધાતિક પરીક્ષાના એક્સટર્નલ ગુણને ધ્યાને લઈ મેરીટ તૈયાર કરી પ્રવેશની કાર્યવાહી કરવી.

**આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ/એમ.એડ.મધ્યસ્થ પ્રવેશ સમિતિ ૨૦૧૯-૨૦ની પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ મંજૂર કરવી.**

૨૬ એકેડેમિક — વિજ્ઞાન વિધાશાખાની તા.૧૦-૧૨-૨૦૧૮ના ઠરાવ ક્રમાંક '૧૭(૩)' અન્વયે બેચલર ઓફ ડીઝાઈનના ઓર્ડિનન્સના ચારેય અભ્યાસક્રમો મંજુર કરવા બાબત.

અધ્યક્ષ સ્થાનેથી ઠરાવ ક્રમાંક ૧૭.(૩)

'આથી ઠરાવવામાં આવે છે કે બેચલર ઓફ ડીઝાઈનનાં ઓર્ડિનન્સ સાથેના ચારેય અભ્યાસક્રમો સિન્ડીકેટે મંજુર કરેલ તે એકેડેમિક કાઉન્સીલની બહાલીની અપેક્ષા મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે તથા વિજ્ઞાન વિધાશાખાના સ્ટેચ્યુટ - ૯૭.૯૮,૯૯ અને ૧૫૮માં આમેજ કરવા ભલામણ કરવામાં આવે છે.'

નોંધ::- અભ્યાસક્રમનાં નામ નીચે મુજબ છે.

(1) Bachelor in Product Design
(2) Bachelor in Communication Design
(3) Bachelor in Interior Design
(4) Bachelor in Fashion Design

**આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિધાશાખાની તા.૧૦-૧૨-૨૦૧૮ના ઠરાવ ક્રમાંક '૧૭(૩)' ની ઉપરોક્ત ભલામણ પરત્વે વિજ્ઞાન વિધાશાખાના સ્ટેચ્યુટ – ૯૭,૯૮,૯૯ અને ૧૫૮માં ઉપરોક્ત અભ્યાસક્રમો ઉમેરવા તથા તે સંદર્ભે સ્ટેચ્યુટ-૯૭,૯૮,૯૯ અને ૧૫૮ સુધારવા એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સેનેટને ભલામણ કરવી.**

૨૭ મહેકમ-બ — સિન્ડીકેટની તા.૨૫/૦૬/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક ૩૬ થી આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા સપ્લાય કરવામાં આવતા મેન પાવર / નિવૃત સ્ટાફના મહેનતાણાના દરો વધારવા માટે રચાયેલ કમિટીની તા.૨૭/૦૭/૨૦૧૮ ના રોજ મળેલ મીટીંગની મિનીટસ પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ : યુનિવર્સિટીમાં આઉટ સોર્સીંગ એજન્સી દ્વારા ફાળવવામાં આવેલ મેન પાવર પૈકી પાંચ લોકોએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં CA/SCA દાખલ કરેલ છે અને તેઓને યુનિવર્સિટીમાં નિમણુંક નિયમિત કરવા અને યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને મળતા લાભો આપવા તેમજ યુનિવર્સિટીની સેવામાં કાયમી કરવા અંગે દાદ માંગેલ છે. હાલ આ કેસ નામ.ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ છે.

આ કેસમાં અરજદાર દ્વારા સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને પણ પાર્ટી બનાવેલ છે.

આ કેસમાં યુનિવર્સિટીના એડવોકેટ શ્રી અવિનાશ આર.ઠકકર તથા યુનિવર્સિટી દ્વારા ગુજરાત સરકારશ્રીના એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી યુનિવર્સિટીનો પક્ષ રજુ કરી રહ્યા છે.

આ કેસનાં સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા સમયાંતરે એફિડેવિટ નામ.ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરેલ છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ના ઠરાવ નં.સરચ/૧૩૧૧/૮૬૭૨૪૦/ખ થી કોચ (ફુટબોલ), ડ્રાઈવર, સ્ટેનો ટાઈપીસ્ટ/કોમ્પ્યુટર ઓપરેટર તથા વર્ગ-૪ ની મળી કુલ ૩૦ જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવાની મંજુરી આપવામાં આવેલ છે. આ ઠરાવમાં નીચેની શરત પણ રાખવામાં આવેલ છે.

"(૭) આઉટ સોર્સિંગથી ભરવાની થતી જગ્યાઓની સેવાઓ લેવાની રહેશે. કાયમી જવાબદારી ઉભી ન થાય તેનું ધ્યાન યુનિવર્સિટીએ રાખવાનું રહેશે. આઉટ સોર્સિંગથી ભરવાની થતી જગ્યાઓ માટે સર્વિસીઝ આઉટ સોર્સિંગ કરવાની રહેશે અને તેટલા જ વ્યકિતઓની મંજુરી વિભાગ પાસેથી મેળવી લેવાની રહેશે."

ભવિષ્યમાં જો આવા સ્ટાફની કોઈ કાયમી જવાબદારી ઉભી થાય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના હાલનાં અભિગમ મુજબ યુનિવર્સિટી કક્ષાએ જવાબદારી નકકી કરવાનો પક્ષ ઉપસ્થિત થાય અને જવાબદાર સામે સરકારશ્રી દ્વારા પગલા લેવાનુ પણ જણાવવાની પુરતી શકયતાઓ રહેલી છે.

બાબત હાલ નામ.ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી હોય આઉટ સોર્સિંગ એજન્સીના મેન પાવરના સંદર્ભમાં કોઈ પણ જાતનો નિર્ણય લેવામાં આવે તો આ કેસમાં તેની નકારાત્મક અસર પડી શકે તે ધ્યાને લઈ આ બાબતે કોઈ જ કાર્યવાહી ન કરવા યુનિવર્સિટીના એડવોકેટ શ્રી અવિનાશ આર.ઠકકર દ્વારા લેખિતમાં જણાવેલ છે.

ઉપર્યુક્ત બાબતે કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી દ્વારા આઈટમમાં દર્શાવેલ બાબતો તથા યુનિવર્સિટી એડવોકેટશ્રીના પત્રને ધ્યાને લેવા સિન્ડિકેટને વિનંતી કરવામાં આવેલ, ત્યારબાદ વિસ્તૃત ચર્ચા-વિચારણાને અંતે બહુમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવેલ.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૨૫/૦૬/૨૦૧૮નાં ઠરાવ ક્રમાંક ૩૬ થી રચવામાં આવેલ સમિતિની તા.૨૭/૦૭/૨૦૧૮ની બેઠકની કાર્યવાહી નોંધ પરત્વે ડૉ. ધરમ કાંબલીયા અને શ્રી હરદેવસિંહ જાડેજાએ નીચે મુજબના સુચનો આપેલ પરંતુ બહુમતી સભ્યો આ સૂચનોથી વિરૂદ્ધમાં હોઈ, સુચનો નકારીને બહુમતીથી સમિતિની ભલામણો સ્વીકારવામાં આવી.

૧. મહેનતાણાનાં વધારા સાથે સંમત.
૨. ભવિષ્યમાં યુનિવર્સિટીની કોઈ આર્થિક જવાબદારી ઉભી ન થાય તે બાબતે રાજ્ય સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવું.
૩. આઉટસોર્સિંગ એજન્સી હેઠળ સ્ટાફને રાખવા જોઈએ જેથી યુનિવર્સિટીની આર્થિક જવાબદારી ઉભી ન થાય.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે તા.૦૯/૦૫/૨૦૧૮ની ફાઈનાન્સ સમિતિનાં ઠરાવ ક્રમાંક ૦૬ થી સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ આઉટસોર્સિંગ એજન્સી મારફત સેવા લેવા જે નિર્ણય થયેલ તેનાં બદલે યુનિવર્સિટી દ્વારા પ્લેસમેન્ટ સેલ ઉભું કરી તેનાં મારફત સેવા લેવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોન્ટ્રાક્ટ બેઈઝ પર સેવા લેવા માટે જે ડેપ્યુટીઝ રોકવામાં આવે તેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ/થનાર જગ્યાઓ કે જે આઉટસોર્સિંગથી ભરવાની થતી હોઈ તેવી જગ્યાઓની સેવા આઉટસોર્સિંગ એજન્સી મારફત લેવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોન્ટ્રાક્ટ બેઈઝ સ્ટાફની સેવા લેવા માટેનાં નિયમો બનાવવા સિન્ડિકેટની પેટા સમિતિની બેઠક બોલાવવી જેમાં સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓને બોલાવવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે EPF સંબંધિત સંસ્થાએ ચુકવવાનો થતો ફાળો યુનિવર્સિટીએ ભોગવવો.

(નોંધ : ઉપરોક્ત સમિતિની ભલામણ પરિશિષ્ટ "૧૫ "તરીકે આ સાથે સામેલ છે.)

## મુક્ત ચર્ચા વિચારણા

૨૮ આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ બેઠક અંગેની કામકાજ યાદી બેઠકની તારીખથી ૧૦ દિવસ અગાઉ સભ્યશ્રીઓને મળી જાય તે રીતે E-Mail દ્વારા મોકલવી.

૨૯ આથી ઠરાવવામાં આવે છે કે કોઈ એક કામકાજ યાદી માટે બેઠક બોલાવવામાં આવેલ હોઈ તો તે બેઠકમાં અન્ય કામકાજ યાદી/ટેબલ આઈટમનો સમાવેશ કરવો નહિ.

૩૦ આથી ઠરાવવામાં આવે છે કે બિનશૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચ અન્વયે ચૂકવવાપાત્ર થતા એરિયર્સ માટે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવી.

૩૧ આથી ઠરાવવામાં આવે છે કે થેલેસેમિયા ટેસ્ટ માટે બજેટરી જોગવાઈ ચકાસવી તથા તે પરત્વે આગામી સિન્ડિકેટમાં વિચારણા કરવી.

૩૨ ડૉ. એમ. વી. ધામેચા, આયોજન અને વિકાસ અધિકારીશ્રીની કામગીરી પ્રત્યેની બેદરકારી બાબતે સિન્ડિકેટ સમક્ષ રૂબરૂ બોલાવવામાં આવેલ. ડૉ. ધામેચાની કામગીરી બાબતે સિન્ડિકેટ એ નારાજગી વ્યક્ત કરેલ તથા ભવિષ્યમાં કામગીરીમાં કાળજી રાખવા તાકીદ કરવામાં આવેલ.

આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. તથા અન્ય ફંડિંગ એજન્સીઓ મારફત મંજૂર થતી ફેલોશીપની કામગીરી યુ.જી.સી. વિભાગ દ્વારા કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે ફેલોશીપની રકમ યુનિવર્સિટીને ચુકવવામાં આવતી ન હોઈ પરંતુ યુનિવર્સિટી દ્વારા વિગતો અપલોડ થતી હોઈ અને ચુકવણી યુ.જી.સી./અન્ય ફંડિંગ એજન્સીઓ મારફત સીધી જ સ્કોલરના ખાતામાં જમા થતી હોઈ તેવી ફેલોશીપનું ઓડિટ કરવું નહિ.

અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

નં.સિન્ડિકેટ/૯૬/૨૦૧૯
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૨૫/૦૧/૨૦૧૯

કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--
૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી. ૩. પરીક્ષા નિયામકશ્રી.